SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 63. ઉત્તર ગુજરાતના આદિવાસીનું લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિ

*ડાભી મમતાબેન જગદીશભાઈ*

ભારતની પશ્ચિમ દિશામાં આવેલું રાજ્ય ગુજરાત અનેક ઐતિહાસિક અને સાંસ્કૃતિક વિશેષતાઓ ધરાવતું રાજય છે. વિભાજનની દષ્ટિએ જોઈએ તો સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાત એમ સમગ્ર ગુજરાતને વહેંચી શકાય. અહીં ચારેય પ્રદેશોમાં વિવિધ જ્ઞાતિઓ, તહેવારો, મેળાઓ, સાંસ્કૃતિક, સામાજિક અને આર્થિક વિશેષતાઓ ધરાવતા લોક સમુદાયો વસવાટ કરે છે. અહીં આપણે ઉત્તર ગુજરાતને કેન્દ્રમાં રાખીને વસવાટ કરતાં આદિવાસી સમાજનું લોકસાહિત્ય અને તેમની લોકસંસ્કૃતિ વિશે વિગતે પરિચય આપવો છે. ઉત્તર ગુજરાતને આનર્ત પ્રદેશ તરીકે પણ ઓળખવામાં આવે છે. ભૌગોલિક રીતે જોઈએ તો ઉત્તર ગુજરાતની પૂર્વ દિશામાં સાબરકાંઠા તેની આસપાસ મારવાડ પ્રદેશ, પશ્ચિમે પાટણ જિલ્લાના સાંતલપુરથી લઈને પૂર્વમાં સાબરકાંઠાના શામળાજી, ધનસુરા, મોડાસા અને ઉત્તરમાં રાજસ્થાનનો મારવાડ પ્રદેશ તેમજ દક્ષિણ દિશામાં મહેસાણા જિલ્લાના બહુચરાજી, કડી અને ગાંધીનગરનો વિસ્તાર સમાવેશ પામે છે. આ જ દિશામાં હિંમતનગર, સિધ્ધપુર, પાલનપુર આદિ વિકસિત શહેરો આવેલાં છે. પ્રદેશ ભેદે જોઈએ તો વાગડ, વઢિયાર થરાદરી, હિંદવાણી, ડીસાવલ, જતોડા અને ચોરાડ આદિ પેટા પ્રાદેશિક વિસ્તારોની વિરાસત આવેલી છે. આ પ્રદેશમાં ધરણીધર, ઢીમા, શામળાજી, અંબાજી અને બહુચરાજી વગેરે ધાર્મિક તીર્થસ્થાનો આવેલાં છે. ઉત્તર ગુજરાતની સરહદ પરના પાલનપુર તાલુકાના અમીરગઢ-વિરમપુર વિસ્તારમાં તેમજ દાંતા તાલુકામાં અને સાબરકાંઠા જિલ્લાના ભિલોડા, વિજયનગર, ખેડબ્રહ્મા,મેઘરજ તાલુકામાં ડુંગરી ગરાસિયા આદિવાસી સમુદાય વસવાટ કરે છે આ સમુદાયમાં જીવનરંગોને ઉજાગર કરતા લોકગીતો મળે છે. આ સમાજમાં જે લોકગીત ગવાય છે તેમાં સંયમિત ભાષા રજૂ થતી જોવા મળે છે.

**એ સીતા, દનડો કાંડું રાતે લાંબી થાયે લા,**
**એ સીતા, મું હું કરું જુવાની કરાવે લા. એ સીતા**

ડુંગરી ગરાસિયા સમાજમાં એકથી વધુ પત્ની સાથે રહી શકાય છે એ સામાજિક દુષણોને લગતા લોકગીતો રચાયા છે આ ગીતો સમાજસુધારણાનું કાર્ય કરે એ પ્રકારના છે.

**દલવાડામાં દલજી ડોમેર ઝમકુડી રે ઝમકુડી**
**દલજી ડાને બાર બૈયરો ઝમકુડી રે ઝમકુડી**
**એક બૈયર કાણી બોલાય ઝમકુડી રે ઝમકુડી**
**કણકી કહે મારે સેસમાં જુજે ઝમકુડી રે ઝમકુડી**
**ઇડર જવાતું નોહે સેસમાં લવાતાં નોહાય**

આમ આ લોકગીત દ્વારા બહુ લગ્નપ્રથાના ખરાબ પરિમાણો ચીંધીને સ્વસ્થ લગ્નજીવનનો પ્રચાર કરે છે. લોકગીતો ઉપરાંત આદિવાસી સમાજના લગ્નગીતો પણ એટલા જ વિશિષ્ટ પ્રકારનો છે. પ્રથમ પ્રેમના પ્રાગટ્ય અને તેને લીધે જાગતી ઝંખનાની વાત વનકન્યા પોતાની માતાને જ સહજ ભાવે કરે છે.

**ગઠીયો મગરે બોલે ને આયા,**
**તમકે ગાયો કાટી આલને આયા !**
**વેળા વીતી ઝાયને આયા,**
**ઝટક રોટો કરી આલને આયા !**
**મારું ગીત રોળું રોળું ઝાયને આયાં**
**તમકે ટાટા કાટી આલને આયા,**

**મારો જીવરો એણો મનરોને આયા,**
**ઝટક ગાયો કાટી આલને આયા**
**મરહુ તે દિ' માયા સોરહને આયા,**
**તમકે રોટો કરી આલને આયા !**

વાતાવરણ માનવીને જીવવાનું અને ચાહવાનું બળ આપે છે. પ્રકૃતિના સાનિધ્યમાં ભોગવેલો પ્રેમ ગોઠિયા-ગોઠણના ખંડ જીવનને પણ સુધામય અને સૌન્દર્યમય બનાવે છે પ્રકૃતિના વિવિધરંગી મનોહારી પટવિસ્તારમાં પાંગરેલી નેહની વેલ લગ્નની વેદી પર 'કપૂરના પ્રજ્વલિત ભડકા' ની માફક ભડકીને સમાપ્ત થઇ જાય છે પણ કિશોર અવસ્થાના પવિત્ર પ્રેમની આ અરુણિમા જીવનભર માટે એક આલોકરેખા બની જાય છે. એકબીજાથી છૂટા પડવાના સ્મરણ માત્રથી હદયને શારી નાખે એવી દારુણ વેદના જન્મે છે કન્યાનું અંતર ચિત્કારી ઊઠે છે.

**અળદી પીઠી વેણાં કુઆરાં'લા ગોઠા**
**કુઆરા'લા ગોઠા**
**અળદી પીઠી રોવરાવે હે'લા ગોઠા**
**પાકા પીળિયા વેણાં કુઆરાં'લા ગોઠા**
**કુઆરા'લા ગોઠા**
**પાકું પીળિયું રોવરાવે હે'લા ગોઠા**

આ રીતે ડુંગરી ભીલ આદિવાસીઓમાં પ્રચલિત ગોઠિયા (પ્રેમી)- ગોઠણ (પ્રેમિકા) ના પ્રણયગીતોનું આલેખન થયું છે. લગ્ન પહેલા આ રીતે પ્રણય કરવાનો રિવાજ ભીલસંસ્કૃતિમાં સ્વાભાવિક અને સમાજસ્વીકૃત છે. લગ્ન પહેલાં તરુણ-તરુણી પ્રેમ કરી શકે છે અને જાતીય સંબંધ બાંધી શકે છે. સમાજ આ પ્રેમને ગંભીર ગણતો નથી.

ઉત્તર ગુજરાતના પ્રદેશને કેન્દ્રમાં રાખીને આદિવાસી લોકસાહિત્ય અને સંસ્કૃતિના અભ્યાસું સંશોધક સંપાદક તરીકે ભગવાનદાસ પટેલનું નામ અને કામ દેશ અને પરદેશમાં જ જાણીતું છે. ભગવાનદાસ પટેલે આ વિસ્તારમાં પ્રચલિત લોકપરંપરને ધ્યાનમાં રાખીને ચાર લોકમહાકાવ્યોનું સંપાદન સંશોધન કર્યું છે. જેમાં ભીલોનું રામાયણ 'રોમ સીતમાની વારતા' ભીલોનું મહાભારત' ભીલોનું ભારથ-પાંડવવારતા' 'રાઠોડ વારતા' ડુંગરી 'ભીલોનો ગુજરાંનો અરેલો' નો સમાવેશ થાય છે.

'ગુજરાંનો અરેલો' લોકમહાકાવ્ય અંદાજિત બસો પૃષ્ઠમાં વિસ્તરિત કથા છે. આદિવાસીઓમાં દિવાળીની રાતે અરેલાં ગાવાનો રિવાજ પ્રચલિત છે. નવરાત્રિના આરંભથી કાર્તિકી પૂનમ સુધી આ ગીતો ગવાય છે. પુરુષો સ્ત્રીઓનો કે દેવીઓનો વેશ લઇ આ ગીતો ગાય છે. ગીતની સાથે સાથે જ નૃત્ય કરી રહેલા ગાયક કોઈ પણ ભોગે પોતાની ગતિ ટકાવી રાખવા મથે છે. અરેલાં એ માત્ર ગીત નથી, એમાં કથાવાર્તાનું તત્વ પણ પ્રબળમાત્રામાં હોય છે.

આમ, ઉત્તર ગુજરાતના આદિવાસી સમાજમાં વિભિન્ન લોકસંસ્કૃતિ જોવા મળે છે અને અહીં વસવાટ કરતી ડુંગરી- ભીલી આદિવાસી પ્રજાની લોકબોલી, સામાજિક, આર્થિક પરંપરાઓ તેમજ તેમના રીત રિવાજોમાં ભિન્નતા જોવા મળે છે, વળી તેમના વિવિધ સામાજિક પ્રસંગોના ગીતો અને લોકગીતો પણ ભીલી લોકબોલીમાં નિરૂપણ પામેલાં છે.

**સંદર્ભગ્રંથ:**

**૧) લોકસાહિત્ય-વિજ્ઞાન-હસુ યાજ્ઞિક, ડિવાઈન પ્રકા. પ્રથમ આવૃત્તિ ૨૦૧૨,**

**૨) ગુજરાતનાં લગ્નગીતો- સંપા. વિનાયક રાવલ,ગુજ.સાહિત્ય અકા. પ્રથમ આવૃત્તિ-૨૦૦૪**

**૩) ઉત્તર ગુજરાતના લોકગીતોનું સંપાદન- જશવંતભાઈ નાયક KCG E JOURNAL, ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૯**

**૪) ભીલી આદિવાસીઓના લોકગીતો- ડૉ. ભગવાનદાસ પટેલ પૃ.૫૨ થી ૬૧**